**વેલકમ પૉલીસી શું છે?**

વેલકમ પૉલીસી એવા લોકોને નાણાંકીય સહાય પૂરી પાડે છે જેમની આવક ઓછી હોય, જેથી તેઓ સિટિ ઑફ ટોરન્ટોના કોઈપણ કમ્યુનિટિ સેન્ટર ખાતેના મનોરંજન કાર્યક્રમોમાં ભાગ લઈ શકે. લાયકાત ધરાવતા પરિવારો અને વ્યક્તિઓ વાર્ષિક રકમ તેમના ખાતામાં જમા મેળવે છે જેનો ઉપયોગ તેઓ મનોરંજન કાર્યક્રમોમાં નોંધણી કરાવવા કરી શકે છે.

**વેલકમ પૉલીસી માટે વાર્ષિક કેટલી રકમ જમા અપાય છે?**

બાળકો અને યુવાનો (0થી 24 વર્ષની ઉંમરના) $494 માટે લાયક હોય છે. પુખ્તવયનાઓ (25 વર્ષ અને તેથી વધુ વયનાઓ) $230 માટે લાયક હોય છે.

આપ મંજુર થયા હો તે તારીખથી 12 માસ માટે જમા રકમ માન્ય હોય છે અને તેનો ઉપયોગ કોઈપણ મનોરંજન કાર્યક્રમ માટે થઈ શકે છે. તમામ ઋતુઓમાં આયોજન કરવાનું યાદ રાખો: પાનખર, શિયાળો, વસંત અને ઉનાળાના કાર્યક્રમો.

**વેલકમ પૉલીસી માટે હું કેવી રીતે અરજી કરું?**

જો આપ સોશ્યલ આસિસ્ટન્સ મેળવતા હો અને ટોરન્ટોમાં રહેતા હો, તો આપ અગાઉથી મંજૂર થયેલા જ છો અને આપની જમા રકમ દર વર્ષે તાજી થતી હોય છે. આપે અરજી ફોર્મ ભરવાની **જરૂર નથી**. આપના કેસ વર્કર સાથે વાત કરો.

જો આપ સોશ્યલ આસિસ્ટન્સ ન મેળવતા હો તો આપે દર વર્ષે અરજી ફોર્મ **અવશ્ય ભરવું જ** જોઈએ. અરજી કરવા લાયક ઠરવા, આપ હોવા જ જોઈએ:

- 18 વર્ષ કે તેથી મોટી ઉંમરના
- ટોરન્ટોમાં રહેતા
- પરિવારની કરવેરા પહેલાંની આવક સ્ટેટીસ્ટીક્સ કેનેડા લો ઈન્કમ કટ ઑફ, જે toronto.ca/wp ખાતે શોધી શકાય છે, તેના કરતાં ઓછી હોય

અરજી ફોર્મ મેળવવાના ત્રણ રસ્તા છે:

- અરજી આપને ટપાલ કરાવવા વેલકમ પૉલીસી અરજી લાઈનને 416-338-2000 (ટીટીવાય 416-338-3195) પર ફોન કરો
- કોઈપણ કમ્યૂનિટિ સેન્ટર ખાતેથી અરજી ફોર્મ મેળવી લો
- અરજી ફોર્મ toronto.ca/wp ઉપરથી ડાઉનલોડ કરી લો.

**મારું અરજી ફોર્મ હું કેવી રીતે રજૂ કરું?**

એ સુનિશ્ચિત કરો કે અરજીના તમામ વિભાગો ભરેલા હોય અને પુષ્ટિ કરતા દસ્તાવેજોની ફોટો કોપી મોકલો (મૂળ પ્રતો મોકલશો નહીં). પુષ્ટિ કરતા સ્વીકાર્ય દસ્તાવેજોની યાદી માટે, કૃપા કરીને toronto.ca/wpની મુલાકાત લો અથવા 416-338-2000 (ટીટીવાય 416-338-3195)ને ફોન કરો.

અરજી ફોર્મમાં સહી કરો, પુષ્ટિ કરતા દસ્તાવેજોની નકલો જોડો અને મોકલવાનો કોઇ એક રસ્તો પસંદ કરો:

- o ટપાલથી અહીં રવાના કરો
  City of Toronto, Welcome Policy Application, 55 John St. – Mailroom, Toronto, Ontario M5V 3C6.
- o આપની સંપૂર્ણ ભરેલી અરજીને ટોરન્ટો ઍમ્પ્લોયમૅન્ટ એન્ડ સોશ્યલ સર્વિસીસની કોઇપણ ઓફિસે અથવા સિવિક સેન્ટર પર આપો.
- o 416-338-5046 પર ફેક્સ કરો (મહેરબાની કરીને એ નોંધશો કે ફેક્સ કરવો એ માહિતીને મોકલવાની સુરક્ષિત પધ્ધતિ નથી).

**હું મંજૂર થયો છું/થઈ છું એ હું કેવી રીતે જાણીશ?**

એકવાર આપની સંપૂર્ણ ભરેલી અરજી અને પુષ્ટિ કરતા દસ્તાવેજોની સમીક્ષા થઈ જશે, આપને એ જણાવતો પત્ર મળશે કે આપ:

- o મંજૂર થયા છો અથવા
- o વધુ માહિતી પૂરી પાડવાની જરૂર છે અથવા
- o મંજૂર નથી થયા અને શાથી તેનાં કારણો

- જે દિવસે આપની અરજી મંજૂર થશે તે જ દિવસે આપની વાર્ષિક જમા રકમ આપના ખાતામાં ઉમેરાઇ જશે

**કાર્યક્રમોની નોંધણી**

મનોરંજન કાર્યક્રમોની નોંધણી માટેની તારીખો સપ્ટેમ્બર, ડિસેમ્બર, માર્ચ અને જૂનમાં હોય છે. આપના ડિસ્ટ્રિક્ટમાં નોંધણી ખુલવાનું કઈ તારીખે નિર્ધારિત છે એ શોધી કાઢવા toronto.ca/torontofunની મુલાકાત લો અથવા 311ને ફોન કરો.

**નોંધણી કરાવવું 1, 2, 3 જેવું સહેલું છે!**

**પગલું 1: પરિવાર અને ગ્રાહક ક્રમાંકો મેળવો**

મનોરંજન કાર્યક્રમો માં ભાગ લેવા માટે , આપને એક પરિવાર ક્રમાંક અને આપના પરિવારના દરેક સભ્યના ગ્રાહક ક્રમાંકની આવશ્યકતા રહેશે. વેલકમ પૉલીસી માટે મંજૂર થયાનો ખાતરી આપતો પત્ર જે આપ મેળવશો તેમાં આ માહિતી સમાવિષ્ટ હશે.

**પગલું 2: કાર્યક્રમો પસંદ કરો**

આપ નોંધણી માટે કયા કાર્યક્રમો પસંદ કરો છો તે અને તેના વિશે જાણવા તથા આપના ડિસ્ટ્રિક્ટમાં નોંધણી ક્યારે ખુલે છે તે શોધી કાઢવા ઑનલાઈન અત્રે ચકાસો toronto.ca/torontofun અથવા સિટિ હોલ, સિવિક સેન્ટર્સ અને પુસ્તકાલયો ખાતે મળતી ફન ગાઈડ યાદીઓમાં શોધી શકાય છે.

**પગલું 3: સમયસર નોંધણી કરાવો**

ઘણા કાર્યક્રમો ઝડપથી ભરાઇ જતા હોય છે.

એ સુનિશ્ચિત કરો કે આપનો પરિવાર ક્રમાંક તથા ગ્રાહક ક્રમાંક અને કાર્યક્રમોની પસંદગી તૈયાર હોય.

નોંધણી કરાવવાના ચાર રસ્તા છે:

- ઑનલાઇન (ઇન્ટરનેટ): toronto.ca/torontofun ની મુલાકાત લો. કાર્યક્રમોમાં ભાગ લેવા માટે ઑનલાઇન નોંધણી કરાવવી એ સૌથી ઝડપી અને સૌથી સહેલો માર્ગ છે.
- ફોન દ્વારા: ટચ ટોન રજીસ્ટ્રેશન(ટીટીઆર) 416-338-0000 પર
- ઓપરેટરની સહાયતા સાથે: ગ્રાહક સેવા પ્રતિનિધિ મારફત નોંધણી કરાવવા 416-338-4386ને ફોન કરો
- રૂબરૂમાં: પસંદગીનાં સ્થળોએ રૂબરૂમાં નોંધાવો. આ સ્થળોની યાદી માટે, toronto.ca/parks/registrationની મુલાકાત લો અથવા 311ને ફોન કરો અથવા આપના સ્થાનિક કમ્યૂનિટિ સેન્ટરના કર્મચારીગણને વાત કરો.

**વેલકમ પૉલીસીનો વધુમાં વધુ લાભ લેવા માટેનાં સૂચનો**

- પરિવારો પાસે મનોરંજન કાર્યક્રમોની પોતાની આવશ્યકતાઓ નિર્ધારિત કરવાની અને આપવામાં આવેલી રાહતનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેની છુટછાટ હોય છે. યાદ રાખવાની અગત્યની વાત એ છે કે **વાર્ષિક રાહતની રકમ પૂરેપૂરા 12 મહિના સુધી અવશ્ય ચાલવી જ જોઇએ.**
- કાર્યક્રમો માણો અને આનંદ મેળવો, પરંતુ જેમાં નોંધણી કરાવી હોય એવા કાર્યક્રમમાં આપ હાજર ન રહી શકો, તો સિટિ ઑફ ટોરન્ટોને શક્ય એટલા જલદી જાણ કરો. કાર્યક્રમો લોકપ્રિય છે અને ઘણામાં પ્રતીક્ષા યાદી હોય છે. જો કોઇ કાર્યક્રમમાં આપ હાજર રહી શકો એમ ન હો, તો મહેરબાની કરીને આપના કમ્યૂનિટિ સેન્ટરને અથવા 416-338-4386ને ફોન કરો જેથી એ સ્થાન અન્ય કોઇને પેશ કરી શકાય. જે રકમ હશે તે આપના વેલકમ પૉલીસી જમા રકમમાં પરત ઉમેરી દેવાશે.

**વધુ માહિતી માટે, કૃપા કરીને આપના સ્થાનિક કમ્યૂનિટિ સેન્ટરના કર્મચારીગણને વાત કરો.**